# શિક્ષણની જવાબદારીમાં આગળ કોણ? મા કે બાપ?

હમણાં જ થોડા દિવસ પહેલાં મારા ઘરમાં નવા વર્ષ નિમિત્તે કેટલાક સગાં મળવા આવ્યા હતાં. જેમાં એક સગાં એ એક બહેનને પૂછ્યું કે, આપ શું કરો છો ? ત્યારે પેલા બહેને જે જવાબ આપ્યો તે જવાબ જ આ લેખનો પ્રેરણા સ્રોત ગણાય. એ બહેનનો જવાબ હતો,"હું મારા બંને છોકરાઓને ભણાવું છું." એ બહેન માટે અહોભાવ ઉભો થયો. ત્યારપછી મન ચકરાવે ચડયું. વિચાર ચાલવા માંડયા કે, આપણા સમાજમાં બહેનોની ભૂમિકા શી છે ? બાળકોના શિક્ષણમાં મા કે બાપમાંથી વધુ રસ કોણ લે છે ? મમ્મીઓ પોતાના બાળકને ભણાવવા-શીખવવા, શિક્ષણમાં આગળ આવે તે માટે કેવા કેવા પ્રયત્નો કરે છે ? બાળકને શિક્ષણ આપવામાં બાપ આગળ છે કે મા ? વગેરે વગેરે.

સમાજમાં ચાલી રહેલ પ્રવાહો ધ્યાનમાં લેતાં અનુભવને આધારે એવું કહી શકાય કે, પ્રાથમિક શિક્ષણ કક્ષાએ બાળકોના શિક્ષણમાં બાપ કરતાં મા વધારે રસ લે છે. માધ્યમિકકક્ષાથી બાળક ધીમે ધીમે સ્વતંત્ર થવા લાગે છે, જે કોલેજકક્ષાએ પૂર્ણ સ્વતંત્રતા મેળવી લે છે. અહીં જે શિક્ષણની વાત કરીશું તેમાં પાયાનું શિક્ષણ એટલે કે, પ્રાથમિકશિક્ષણને ધ્યાનમાં રાખીને વાત કરીશું. બાળકના પ્રાથમિક શિક્ષણને જોતાં મોટાભાગે પપ્પા કરતાં મમ્મી વધુ જવાબદારી ઉઠાવે છે અને તે જવાબદારીને સારી રીતે નિભાવે પણ છે. કેટલાક લોકો એવી દલીલ પણ કરી શકે કે, પપ્પા બિચારાને નોકરી ધંધામાં થી સમય મળે તોબાળકના શિક્ષણ પાછળ ધ્યાન આપે ને ? તો સામે એવી દલીલ પણ છે કે, નોકરી કરતી બહેનો પણ બાળકના શિક્ષણની જવાબદારી ઉઠાવે જ છે. માટે અગાઉની દલીલ સત્યથી વેગળી છે. સવારે નોકરી પર ગયા પહેલાં કે સાંજે નોકરી પરથી ઘરે આવ્યા પછી બાળકના બાપા શું કરે છે ? બાપનું કામ સવારે બાળકને ધમકાવવાનું અને સાંજે ઓફિસનું કામ કે ટેલિફોન પર વાતચીત કે આજુબાજુ પડોશમાં પટલાઇ કરવાનું જ મોટાભાગે જોવા મળે છે. તેની સામે ઘરના સાફસપાઇના કામ કે રસોઇ કે અન્ય વ્યવહારિક કામ કરવા છતાં મમ્મીઓ બાળકના ઉછેર અને શિક્ષણની જવાબદારી વધુ નિભાવતી જોવા મળે છે. બાળકમાં સારા કે ખરાબ સંસ્કારની જવાબદારી આજે પણ મોટાભાગે મમ્મીઓ પર જ નાંખવામાં આવે છે. ત્યારે પ્રશ્ન થાય કે, ઘરમાં બિચારા તરીકે કોણ જીવે છે, મમ્મી કે પપ્પા ?

આજના આધુનિક જમાનામાં પણ પોતાના બાળકના વિકાસ કે પ્રગતિ માટે બાધા-ચાખડીનો સહારો લેતી ઘણી મમ્મીઓ જોવા મળે છે. બાળકનું સારું પરિણામ આવે, તેની પ્રગતિ થાય તે માટે આજેપણ ઘણી મમ્મીઓ ચોખા નહીં ખાવા, પગે ચાલીને ચોક્કસ દેવી-દેવતાને દર્શન કરવા જવું, ઉપવાસ કરવા જેવી અનેક બાધાઓ રાખે છે. ત્યારે ભાગ્યેજ એવું સાંભળવા મળ્યું છે કે, બાળકના અભ્યાસાર્થે કે પ્રગતિ માટે કોઇ બાપાએ બાધા રાખી હોય કે પગે ચાલીને કોઇ મંદીરમાં દર્શન કરવા ગયા હોય. અહીં મમ્મીએ કરેલા પ્રયત્નોની વૈજ્ઞાનિકતા કરતાં તેની ભાવનાને જોવાની છે, તેની કર્તવ્યપરાયણતાને જોવાની છે.

પ્રાથમિકશાળામાં ભણતું બાળક ઘેર આવે ત્યારે મોટાભાગે મમ્મીનો સવાલ હોય છે કે, શું લેસન આપ્યું? પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતા બાળકને પાસે બેસાડી લેસન કરાવવાનું કામ આજે પણ મપટાભાગે મમ્મીઓ જ કરે છે, જેનો ચેપ ગામડાં સુધી પહોંચ્યો છે, જે બાળકના શિક્ષણ માટે સારી વાત છે. બાળકને લેસન કરાવવું એટલું જ નહીં પણ અભ્યાસક્રમમાં આવતા મુદ્દાઓ શીખવવા, તેમાં પણ પરીક્ષા નજીક હોય ત્યારે દરેક વિષયના દરેક પાના પરથી વારંવાર પ્રશ્નો પૂછીને તૈયારી કરાવવાનું કામ મ્મીઓ જ

કરે છે. આમ કરતાં પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતાં બાળકને જેટલું આવડે છે, તેટલું તેમની મમ્મીને પણ આવડતું હોય છે. કયા પાના પર કયો પ્રશ્ન કે જવાબ છે તેની ખબર ક્યારેક બાળકને ન હોય પણ તેની મમ્મીને તો હોય જ છે.

શાળામાં વાલી મિટિંગનું આમંત્રણ હોય, ઘરમાં ચર્ચા થતી હોય તો બાપ કહેશે કે મારે સમય નથી, તારી મમ્મી આવશે. પછી ભલેને મમ્મી નોકરી કરતી હોય તો પણ ઓફિસમાંથી રજા લઇને બાળકની શાળા પર જશે. આવું આયોજન કરતાં કે ફરજ નિભાવતા બાપને ભાગ્યે જ જોયા છે. આજે પણ શાળાઓમાં વાલી મિટિંગમાં હાજર રહેલ વાલીનું નિરીક્ષણ કરશો તો જણાશે કે, પપ્પા કરતાં મમ્મીઓની સંખ્યા વધારે જોવા મળશે. શાળામાંથી બાળકની કોઇ ફરીયાદ આવી હોય, શિક્ષકે ચિઠ્ઠી દ્વારા વાલીને રૂબરૂ મળવા બોલાવ્યા હોય તો આ જવાબદારી મોટાભાગે મમ્મીઓ જ ઉઠાવે છે, પોતાના છોકરા માટે બાપ પાસે સમય હોતો નથી કે પછી શરમ આવતી હોય છે. બાળકના દફતરની તૈયારી કે નાસ્તાની તૈયારીમાં પણ ઘણીવાર મા જ રસ લેતી હોય છે. શાળાએ મૂકવા કે લેવા જવાની જવાબદારી કોની હોય છે. રીક્ષા કે વાન કે અન્ય વાહનની સગવડ ન હોય તો બાળકને ચાલીને મૂકવા જવાની જવાબદારી મા જ સંભાળતી હોય છે. ખાતરી કરવી હોય તો શાળા શરૂ થવાના સમયે રોડ પર કે કોઇ શાળાની નજીક ઊભા રહેશો તો ખ્યાલ આવશે કે, બાળક કોની આંગળી પકડીને શાળાએ જાય છે?

ઉપરોક્ત જેવા અનેકાનેક ઉદાહરણો અને વર્તનવ્યવહારો મા અને બાપના આપી શકાય. બાળકના શિક્ષણમાં મા-બાપમાંથી કોની ભૂમિકા કેટલી ચે તે સાબિત કરવાની જરૂર જ નથી લાગતી. કારણ કે નરી આંખે જોઇ શકાય તેવી દીવા જેવી સ્પષ્ટ વાત છે કે, બાળકના શિક્ષણમાં બાપ જેટલો રસ લે છે તેના કરતાં અનેક ગણો વધારે રસ મા જ લે છે, મા જ બાળકના શિક્ષણની મોટાભાગની જવાબદારી ઉઠાવે છે. આવી મા ને જ “ખરી મા” કહેવાય. બાળકને માત્ર જન્મ આપવાથી કે રસોઇ કરીને ખવડાવાથી મા બનાય પણ ખરી મા ન બનાય. ખરી મા બનવા માટે ઘણું ઘણું કરવું પડે. મા એ ચિંતા અને ચિંતન બંને કરવું પડે. પછી તે મા કેટલું ભણેલી છે તે મહત્ત્વનું નથી રહેતુ. દરેક બાપને પણ વિચારવું જોઇએ, વિચારણા કર્યા પછી ચોક્કસ તારણ પર આવવું જોઇએ અને તેનો અમલ પણ કરવો જોઇએ. કે બાળકના શિક્ષણમાં પોતાની ભૂમિકા કેટલી અને ક્યાં? માત્ર પૈસા ખર્ચવાથી બાળકનો ઉછેર ન તાય. બાળકને મોટું કરવું તે ઉછેર નથી, એ તો તમે ખાવા આપશો તો પણ મોટું તો થવાનું જ છે. બાળકને મોટું કરવું તેના કરતાં ઉછેર કરવામાં દરેક બાપે પોતાની ભૂમિકા ભજવવી જોઇએ. અંતે દુનિયામાં રહેલી દરેક ખરી માને સો સો સલામ અને નમસ્કાર.

**dr.ashokpatel@in.com**